# રક્ષાબંધન : રક્ષકનો કોઈ જેન્ડર નથી



રાખડી માત્ર રક્ષા માગવાનો દોરો નથી પરંતુ એકબીજાની રક્ષા કરવાની જવાબદારી સ્વીકારવાનો સંકલ્પ છે.

રક્ષાબંધન આવે એટલે બાળપણથી એક જ દશ્ય આંખો સામે તરવરે છે – બહેન ભાઈના કાંડે રાખડી બાંધે છે, આરતી ઉતારે છે, મીઠાઈ ખવડાવે છે અને ભાઈ જીવનભર તેની રક્ષા કરવાનો સંકલ્પ કરે છે. બહેન ભાઈને આશીર્વાદ આપે છે :

‘બળેવ બંધુ, બળેવ રક્ષા;

સપ્ત ઋષિના આશીર્વાદ.’ ભારતીય સંસ્કૃતિના સૌથી લાગણીસભર તહેવારોમાંનું આ એક પર્વ છે.

રક્ષાસૂત્ર બાંધતી વખતે આજે પણ અનેક ઘરોમાં આ પ્રાચીન મંત્ર બોલવામાં આવે છે–

‘યેન બદ્ધો બલિ રાજા દાનવેન્દ્રો મહાબલ:।
તેન ત્વામપિ બધ્નામિ
રક્ષે મા ચલ મા ચલ॥’

અર્થાત્, જે રક્ષાસૂત્રથી મહાબલી રાજા બલિ બંધાયા હતા, એ જ રક્ષાસૂત્રથી હું તમને બાંધું છું; હે રક્ષાસૂત્ર, તમે અડગ રહેજો, વિચલિત ન થતા.

આ મંત્રમાં રહેલો ભાવ અત્યંત ગહન છે.

બહેન જ્યારે ભાઈના કાંડે રાખડી બાંધે છે ત્યારે તે મનોમન ઈશ્વરને પ્રાર્થના કરતી હોય છે–‘હે પ્રભુ, મારા ભાઈની રક્ષા કરજો’ અને ભાઈ જાણે બહેનને ઉત્તર આપતો હોય છે–‘‘બહેન, તું ચિંતા ન કર, હું છું અને હું તારી રક્ષા કરીશ.’’

પરંતુ શું રક્ષાનો આ ભાવ માત્ર ભાઈ-બહેનના સંબંધ સુધી મર્યાદિત રહેવો જોઈએ?

મારા મતે, રક્ષાબંધનની સાચી ભાવના એ છે કે જે કોઈ આપણને સુરક્ષા, વિશ્વાસ, હૂંફ, માર્ગદર્શન કે સહારો આપે છે, તે પણ આપણા જીવનમાં રક્ષક છે.

અને કદાચ આજે સમાજને આ વિચારની સૌથી વધુ જરૂર છે.

**રક્ષાસૂત્રનો સૌથી મોટો પાઠ : સંબંધ ફક્ત લોહીથી જ નહીં, લાગણીથી પણ બને છે.**

રક્ષાબંધન સાથે જોડાયેલી રાજા બલિ અને માતા લક્ષ્મીની કથા ખૂબ સુંદર સંદેશ આપે છે.

ભગવાન વિષ્ણુએ વામન અવતાર ધારણ કરીને દાનવીર રાજા બલિ પાસે ત્રણ ડગલાં જમીન માગી. બલિએ વચન આપ્યું. ભગવાને વિરાટ સ્વરૂપ ધારણ કરીને બે ડગલાંમાં સમગ્ર બ્રહ્માંડ માપી લીધું. ત્રીજા પગલા માટે સ્થાન ન રહેતાં બલિએ પોતાનું મસ્તક આગળ ધર્યું.

તેમની ભક્તિથી પ્રસન્ન થઈ ભગવાન વિષ્ણુએ તેમને વરદાન માગવા કહ્યું. પ્રચલિત કથા અનુસાર, બલિએ ભગવાનને પોતાની પાસે રહેવાની વિનંતી કરી. વિષ્ણુ તેમની સાથે પાતાળલોકમાં રહેવા લાગ્યા.

વૈકુંઠમાં માતા લક્ષ્મી ભગવાનની રાહ જોઈને



**આ રક્ષાબંધને કદાચ આપણે એક નવો સંકલ્પ લઈ શકીએ- દરેક હાથ કોઈકની રક્ષા કરે. દરેક હૃદય કોઈકની પરવા કરે. દરેક સંબંધમાં જવાબદારીનો ભાવ હોય કારણ કે રક્ષાસૂત્ર રક્ષા માગવા માટેનો દોરો નથી. તે તો એકબીજાની રક્ષા કરવાની જવાબદારી સ્વીકારવાનો સંકલ્પ છે**

વ્યાકુળ બન્યાં. તેઓ રાજા બલિ પાસે ગયાં, તેમને રક્ષાસૂત્ર બાંધ્યું અને ભાઈ તરીકે સ્વીકાર્યા. બલિએ બહેનને ભેટ માગવા કહ્યું. માતા લક્ષ્મીએ પોતાના પતિ ભગવાન વિષ્ણુને પાછા મોકલવાની વિનંતી કરી. બલિએ તરત જ તેમની વિનંતી સ્વીકારી.

આ કથાનો સાર એક જ છે–

**રક્ષાસૂત્ર લોહીના સંબંધને જ નહીં, લાગણીના સંબંધને પણ પવિત્ર બનાવી શકે છે.**

**પ્રસંગ - ૧ :**

એક પોલીસ અધિકારીનો ભાઈભાવ દર રક્ષાબંધને યાદ આવે છે.

વર્ષો પહેલાંનો એક પ્રસંગ આજે પણ મારી સ્મૃતિમાં તાજો છે.

રક્ષાબંધનના દિવસે હું મારા ભાઈ માટે મીઠાઈ લેવા જઈ રહી હતી. વર્ષોથી સામાજિક કાર્ય અને પોલીસ વિભાગ સાથે કામ કરવાને કારણે અનેક અધિકારીઓ સાથે મારો પરિચય હતો.

રસ્તામાં એસીપી પી. આર. દેસાઈ સાહેબ મળ્યા. તેમણે ખૂબ સ્નેહપૂર્વક મને બોલાવી અને પોતાના હાથમાં રહેલો મીઠાઈનો બોક્સ મને આપતાં કહ્યું – “બહેન, તમે સમાજ માટે ખૂબ સારું કાર્ય કરો છો. આજે રક્ષાબંધન છે તો એક ભાઈ તરફથી આ નાનકડી શુભેચ્છા.”

એ માત્ર મીઠાઈનો ડબ્બો નહોતો. એમાં એક પોલીસ અધિકારીનો માનવતાભર્યો સ્પર્શ હતો. પોલીસ સમગ્ર સમાજની રક્ષા કરે છે. તેના માટે દરેક વ્યક્તિ સમાન છે પરંતુ એ દિવસે એક રક્ષકના હૃદયમાં રહેલો ભાઈ પણ મને જોવા મળ્યો.

વર્ષો વીતી ગયાં, છતાં એ ક્ષણ આજે પણ મારા હૃદયમાં જીવંત છે.

**પ્રસંગ - ૨ :**

કોર્ટરૂમમાં મળેલો ભાઈનો સહારો પણ મને ગદગદ કરી ગયેલો. એ પ્રસંગ ફેમિલી કોર્ટનો છે.

એક બહેન પોતાના લાંબા સમયથી ચાલી રહેલા કેસને કારણે ખૂબ નિરાશ હતી. તેમની આંખોમાં આંસુની ધાર, કેડમાં એક બાળક અને મનમાં અસહાયતા હતી. એને જોઈને સૌને દયા આવતી હતી. ત્યારે ત્યાં હાજર એક વકીલ મિત્રે ખૂબ શાંતિથી તેની પાસે જઈ કહ્યું– “બહેન, હિંમત ન હારશો. કોર્ટની પ્રક્રિયામાં સમય લાગે છે પરંતુ એક ભાઈ તરીકે હું તમને કહું છું –ધીરજ રાખજો, સારું થશે.”રક્ષાબંધન નજીક હતી તેથી તે વકીલે તેને બહેન કહી સંબોધી અને લાગણી સાથે મદદ માટેના શબ્દો કહ્યા. કદાચ એ વકીલ તેમના કેસનો નિર્ણય આપી શકતા નહોતા પરંતુ એ ક્ષણે તેમણે જે આપ્યું તે વધુ કિંમતી હતું – વિશ્વાસ.

**ઘણી વખત જીવનમાં માણસને ઉકેલ કરતાં પહેલાં સહારાની જરૂર પડે છે.**

અને એ દિવસે એ બહેનને એક વકીલમાં ભાઈનો સહારો મળ્યો હતો.

આ બંને પ્રસંગો મને વારંવાર એક જ વિચાર તરફ લઈ જાય છે –




**રક્ષકનો કોઈ જેન્ડર નથી.**

એક મહિલા પોલીસકર્મી આખા શહેરની સુરક્ષા કરી શકે છે.

એક પુરુષ શિક્ષક પોતાના વિદ્યાર્થીઓના ભવિષ્યનો રક્ષક બની શકે છે.

એક વડીલ પોતાના અનુભવથી યુવાનોને ખોટા રસ્તે જતાં બચાવી શકે છે.

એક બાળક પણ કોઈ વૃદ્ધના જીવનમાં ખુશી અને આશા પાછી લાવી શકે છે.

અને આપણા સૈનિકો? તેઓ તો સરહદ પર ઊભા રહી સમગ્ર રાષ્ટ્રની રક્ષા કરે છે.

તેઓ રક્ષા કરે છે તે પહેલાં કોઈનો ધર્મ, જાતિ કે જેન્ડર પૂછતાં નથી. તો પછી આપણે પણ સમાજમાં રક્ષાના આ ભાવને વધુ વિશાળ કેમ ન બનાવીએ?

અમારી યુવા ટીમે એક નાનકડો પ્રયાસ આ જ વિચાર સાથે અમલમાં મૂક્યો. અપમૃત્યુ નિવારણ સહાય સંસ્થાના ‘પથદર્શક મિત્ર’ પ્રોજેક્ટ દ્વારા આ વર્ષે રક્ષાબંધનને એક નવી દિશા આપવાનો પ્રયાસ થયો. વૃદ્ધાશ્રમના વડીલો, બાળકો અને સમાજની સુરક્ષા માટે કાર્યરત મહિલા પોલીસકર્મીઓને એક જ મંચ પર લાવીને ત્રણ પેઢીઓને એક રક્ષાસૂત્રમાં જોડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

એક પેઢી પાસે અનુભવ છે.

એક પેઢી પાસે જવાબદારી છે.

અને એક પેઢી પાસે ભવિષ્ય છે. જ્યારે આ ત્રણેય પેઢીઓ એકબીજાને રક્ષાસૂત્ર બાંધે છે, ત્યારે રક્ષાબંધન માત્ર પરિવારનો તહેવાર રહેતો નથી- સમગ્ર સમાજ એક પરિવાર બની જાય છે.

આ રક્ષાબંધને કદાચ આપણે એક નવો સંકલ્પ લઈ શકીએ - દરેક હાથ કોઈકની રક્ષા કરે.

દરેક હૃદય કોઈકની પરવા કરે. દરેક સંબંધમાં જવાબદારીનો ભાવ હોય કારણ કે રક્ષાસૂત્ર રક્ષા માગવા માટેનો દોરો નથી. તે તો એકબીજાની રક્ષા કરવાની જવાબદારી સ્વીકારવાનો સંકલ્પ છે. જે કોઈ પણ કરી શકે છે . જેમ,

દાદી કુંતીએ પૌત્ર અભિમન્યુને રક્ષાસૂત્ર બાંધ્યું હતું. મહાભારત સાથે જોડાયેલી લોકપ્રચલિત કથા મુજબ, કુરુક્ષેત્રના યુદ્ધમાં જ્યારે યુવાન અભિમન્યુ રણભૂમિ તરફ જવા તૈયાર થયો ત્યારે તેની દાદી માતા કુંતીએ તેના કાંડે રક્ષાસૂત્ર બાંધ્યું હતું. એ સંબંધ ભાઈ-બહેનનો નહોતો- એ દાદી અને પૌત્રનો હતો. છતાં કુંતીના હાથે બંધાયેલો એ દોરો જાણે એક પ્રાર્થના હતો–“હે પ્રભુ! સૌની રક્ષા કાજે જતાં આ બાળકની રક્ષા કરજો.” આ પ્રસંગ રક્ષાસૂત્રની વિશાળ ભાવના સમજાવે છે. જ્યારે આપણું કોઈ સ્વજન જીવનના સંઘર્ષમાં આગળ વધે ત્યારે તેના કાંડે બંધાતો રક્ષાસૂત્ર માત્ર દોરો નથી રહેતો; તેમાં વડીલોના આશીર્વાદ, પ્રેમ અને ઈશ્વર પાસે કરેલી રક્ષાની પ્રાર્થના પણ બંધાયેલી હોય છે.

અને તેથી જ હું અંતમાં માત્ર એટલું જ કહીશ–

સંબંધ કોઈપણ હોય,
જે રક્ષા કરે એ જ રક્ષક.
અને રક્ષકનો કોઈ જેન્ડર નથી.

આપણે એવો સમાજ કેમ ન બનાવીએ જ્યાં પુરુષ મહિલાની રક્ષા અને સન્માન માટે ઊભો રહે, મહિલા પુરુષની મુશ્કેલીમાં તેની શક્તિ બને, યુવાનો વડીલોની કાળજી લે, વડીલો પોતાના અનુભવથી નવી પેઢીને સાચો માર્ગ બતાવે અને બાળકોને સમગ્ર સમાજ સુરક્ષિત ભવિષ્ય આપે?

ભારતીય સંસ્કૃતિની સુંદરતા પણ એ જ છે કે તે મૂળને છોડ્યા વિના સમય સાથે તેનો વ્યાપ વધારી શકે છે. ભાઈ-બહેનનો સંબંધ રક્ષાબંધનનું હૃદય હતો, છે અને રહેશે પરંતુ એ હૃદયમાંથી વહેતી લાગણીને સમાજના બીજા સંબંધો સુધી પહોંચાડીએ તો પરંપરા નબળી નહીં, વધુ સમૃદ્ધ બને.

Instagram@gita.shroff